## તંત્રી સ્થાનેથી......

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અવિરત માર્ગદર્શન હેઠળ ગુજરાતની વણથંભી વિકાસ યાત્રાના ૨૪ વર્ષ પૂર્ણ થયા છે. આ ૨૪ વર્ષ દરમિયાન ગુજરાતે અનેક સિદ્ધિઓ પ્રાપ્તકરી છે, જેની વિકાસગાથા જન જનમાંઉજાગર કરવામુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યમાં તા.૭ થી૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન 'વિકાસ સપ્તાહ" ઉજવાઈ રહ્યો છે. જે અંતર્ગત તા. ૮ ઓકટોબર, ૨૦૨૫ના રોજ મુખ્યમંત્રીશ્રીનીઅધ્યક્ષતામાં અનેશ્રમ-રોજગાર મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાંટાઉન હોલ, ગાંધીનગર ખાતેરાજ્યકક્ષાનો 'યુવા રોજગાર અને કૌશલ્ય સશક્તીકરણ' સમારંભ યોજાશે. આ કાર્યક્રમની જિલ્લા કક્ષાની ઉજવણી ૩૨ જિલ્લા મથક પર પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવશે. રાજ્યની રોજગાર વિનિમય કચેરીઓ દ્વારા સપ્ટેમ્બર-૨૦૨૫ સુધીમાં રોજગાર ભરતી મેળા મારફતે ૫૦ હજાર રોજગારવાંચ્છુઓને રોજગારી આપવાના લક્ષ્યાંક સામે છેલ્લા ૭ મહિનામાં ૬૫૮ ભરતીમેળાઓથકી ૨,૯૦૮ નોકરીદાતાઓદ્વારા પસંદગીપામેલા ૫૭,૫૦૨ ઉમેદવારોને રોજગાર એનાયતપત્રોનું વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI)ના તાલીમાર્થીઓનો ડ્રોપઆઉટ દર ઘટાડવાના ભાગરૂપે નવિન પહેલ થકી ૨૫ હજારથી વધુ તાલીમાર્થીઓને પ્રોવિઝનલ ઓફર લેટર્સ (POLs)નું વિતરણ કરવામાંઆવશે. વધુમા ITIની ઉભરતી ક્ષિતિજો અને વિકાસની નૂતન પરિભાષાને સાકાર કરવા ઔદ્યોગિક એકમો સાથે MoUs દ્વારા સહભાગિતા વધારવાના ભાગરૂપે ૧૦૦થી વધુ એકમોસાથે MoUs કરવામાંઆવશે.




# 'નોટ ઑફ સ્ટાન્ડર્ડ' જાહેર થયેલી કફ સિરપ દવાઓનું ઉત્પાદન કરતી ગુજરાતની પેઢીઓ સામે રાજ્ય સરકારના કડક પગલા

## સુરેન્દ્રનગરની મે. શેપ ફાર્મા પ્રા. લિ. તેમજ અમદાવાદની મે. રેડનેક્સ ફાર્માસ્યુટિકલ્સ લિ.માં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર અને CDSCOની સઘન તપાસ

કમલમ્,

આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યુંહતું કે, તાજેતરમાં જ બાળકોના ઉપયોગમાં લેવાતી કેટલીક કફ સિરપ દવાઓ 'નોટ ઑફ સ્ટાન્ડર્ડ' (NO of Standard Quality -NSQ) જાહેર કરવામાં આવી છે. જેના પગલે ગુજરાતમાં પણ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા આવી કફ સિરપ દવાઓ બનાવતી પેઢીઓની સઘન તપાસકરીને અને રાજ્યવ્યાપી પગલાં લેવામાં આવી રહ્યાં છે. ગુજરાતમાં લાઈસન્સ ધરાવતી કુલ ૬૨૪ ઓરલ લિક્વિડ દવા બનાવતી કંપની સ્થિત છે. જે તેમના ઉત્પાદનોનો પુરવઠો રાજ્યની અંદરના અધિકૃત વિતરણકારો મારફતે તેમજ રાજ્ય બહારના વિસ્તારોમાંપણ સપ્લાય કરે છે. મંત્રી શ્રી પટેલે કહ્યું હતું કે, તાજેતરમાંજ સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકામાં આવેલી મે. શેપ ફાર્મા પ્રા. લિ. તેમજ અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકામાં આવેલી મે. રેડનેકસ ફાર્માસ્યુટિકલ્સ લિ. દ્વારા ઉત્પાદિત



કફ સિરપના નમૂનાઓ 'નોટ ઑફ સ્ટાન્ડર્ડ' જાહેર થયા હતા. આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને ખોરાક અને ઔષધ નિયમન તંત્ર તથા સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશનના ડ્રગ ઈન્સ્પેક્ટરો દ્વારા ગત તા. ૦૩ થી ૦૫ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન આ બંને પેઢીઓની જોખમ-આધારિત સંયુક્ત તપાસ કરવામાંઆવી હતી. આ સંયુકત તપાસના અહેવાલમાં જોવા મળેલીજુદી-જુદી ક્ષતિઓના આધારે સંયુકત તપાસ ટીમ દ્વારા મે. શેપફાર્મા પ્રા. લિ., સુરેન્દ્રનગર અને મે. રેડનેક્સ ફાર્માસ્યુટિકલ્સ લિ., અમદાવાદને તાત્કાલિક અસરથીદવાનું ઉત્પાદન બંધકરવા આદેશ આપવામાં આવ્યો છે. આ તપાસ દરમિયાન ઉપરોક્ત પેઢીઓમાં ''નોટ ઑફ સ્ટાન્ડર્ડ'' દવાનો જથ્થો જોવામળ્યો ન હતો. જોકે, તપાસ ટીમ દ્વારા બંને પેઢીઓને NSQ દવાઓનો જથ્થો તાત્કાલિક ધોરણે બજારમાંથી પાછો ખેંચી લેવા(રીકોલ કરવા) માટે પણ આદેશ કરવામાં આવ્યો છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. વધુમાં આરોગ્ય મંત્રીશ્રીએ કહ્યું હતું કે, તપાસ દરમિયાન સાવચેતીના પગલારૂપે મે. શેપ ફાર્મા પ્રા. લિ.માંથી અન્ય કફ સિરપના ૦૩ દવાઓ તેમજ મે. રેડનેકસ ફાર્માસ્યુટિકલ્સ લિ.માંથીઅન્ય કફ સિરપના ૧૧ નમૂના લેવામાં આવ્યા છે. આ તમામ ૧૪ નમૂનાઓ વધુ ચકાસણી અર્થે સરકારી પ્રયોગશાળાને મોકલી આપવામાં આવ્યા છે. જેના રિપોર્ટના આધારે આગળની કાર્યવાહીહાથ ધરવામાંઆવશે. આ ઉપરાંત ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારાજન સ્વાસ્થ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રાજ્યની તમામ ઓરલ લિક્વિડ ઉત્પાદક પેઢીઓ પર કડક દેખરેખ રાખવામાંઆવી રહીછે. મંત્રીશ્રીએ કહ્યુંહતું કે, ગુજરાતના નાગરિકોના જન આરોગ્ય અને દર્દી સુરક્ષાના હિતમાં ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્ર દ્વારારાજ્યના તમામ મદદનીશ કમિશ્નરોને અસુરક્ષિત કફ સિરપ દવાઓના જોખમથી જનતાનું રક્ષણ કરવા, રાજ્યમાં ઉત્પાદિત તેમજ વિતરણ થતી દવાઓની ગુણવત્તા, સુરક્ષા અને અસરકારકતા સુનિશ્ચિત કરવા કડક સૂચનાઓ આપવામાં આવી છે. મદદનીશ કમિશ્નરોને તેમના ક્ષેત્રમાં આવેલી તમામ ઓરલ લિક્વિડઅથવા કફ સિરપ ઉત્પાદક પેઢીઓની સંપૂર્ણ અને કડક તપાસો હાથ ધરવા સૂચનાઓ આપવામાં આવી છે. આ તપાસ દરમિયાન પાણીની ગુણવત્તા, કાચામાલના સ્રોત, ઉત્પાદન પ્રક્રિયા, ક્વોલિટી કન્ટ્રોલ સિસ્ટમ અને અન્ય મહત્ત્વનામુદ્દાઓની ઝીણવટપૂર્વક ચકાસણી કરવામાં આવશે. તપાસમાં ઓરલ લિક્વિડ અથવા કફ સિરપની અલગ-અલગ બનાવટના ઓછામાં ઓછા પાંચ નમૂનાલેવાની અનેતે નમૂનાઓની ચકાસણી વડોદરાલેબોરેટરી દ્વારા સત્વરે કરવા માટે પણ સૂચના આપવામાં આવી છે. ત્યારબાદ, ફેકટરીથી લઈને રિટેલર સુધીની સપ્લાય ચેઈનમાં આવેલ તમામ નોટ ઑફ સ્ટાન્ડર્ડ(NSQ) જાહેર થયેલી દવાઓનું રીકોલ FDCA ના અધિકારીઓની સતત દેખરેખ હેઠળ કરવામાં આવશે, જેથી માર્કેટમાંએક પણ અસુરક્ષિત બેચ ઉપલબ્ધ ન રહે, તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યુ હતું કે, જાહેર કરાયેલી નોટ ઑફ સ્ટાન્ડર્ડ કફ સિરપ દવાઓના વેચાણ, પુરવઠા અને વિતરણ પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તમામ ડિસ્ટ્રીબ્યુટર, હોલસેલર અને રિટેલર ચેનલ પર આ પ્રતિબંધનો કડક અમલ થાય તેમાટે સતત નજર રાખવામાં આવી રહી છે. તમામ મદદનીશ કમિશનરોને રીકોલ અને તપાસની કાર્યવાહીનું સતત મોનિટરિંગ રાખી, કાર્યવાહીનો વિગતવાર અહેવાલ સંયુકત કમિશ્નર (ડ્રગ્સ) ને નિયમિત રીતે દરરોજ મોકલવાની પણ સૂચના આપવામાં આવી છે. આ નિર્ણયો દ્વારા FDCA, ગુજરાત દવાઓની ગુણવત્તા નિરીક્ષણ અને ટ્રેસેબિલિટી સિસ્ટમને મજબૂત કરવા પ્રતિબદ્ધ છે.

### આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

- તપાસ અહેવાલમાં દેખાયેલી ક્ષતિઓના આધારે બંને પેઢીઓને તાત્કાલિક અસરથી દવાનું ઉત્પાદન બંધ કરવા આદેશ અપાયો
- બંને પેઢીઓને NSQ દવાઓનો જથ્થો તાત્કાલિક ધોરણે બજારમાંથી પાછો ખેંચવા માટે પણ કડક આદેશ આપવામાં આવ્યા
- સાવચેતીના ભાગરૂપે બંને પેઢીમાંથી અન્ય કફ સિરપના કુલ ૧૪ નમૂનાઓ લઇ તેને વધુ ચકાસણી અર્થે પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા

# પ્રાચીન ગરબી મહોત્સવમાં ૧૧ ગરબી મંડળીઓની બાળાઓએ રાસ ગરબાની પ્રસ્તુતિ કરી

## દરેક ગરબી મંડળીઓનું ટ્રોફી આપી સન્માન કરાયું

કમલમ્,

રાજકોટના હેમુ ગઢવીહોલ ખાતે સેવા સારથી ગ્રુપ દ્વારા પ્રાચીન ગરબી મહોત્સવ શરદ પૂનમના યોજાયો હતો. જેમાં રાજકોટની ૧૧ ગરબી મંડળીઓએ ગરબાનીપ્રસ્તુતિ કરી હતી.

ભાગ લેનાર દરેક ગરબી મંડળીઓનું ટ્રોફી આપી સન્માન કરાયું હતું. આ તકે મેયરશ્રી નયનાબેન પેઠલીયા, ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ, અગ્રણીશ્રી કાશ્મીરાબેન નથવાણી, મોરબી જિલ્લા માહિતી અધિકારીશ્રી પારુલબેન આડેસરાએ આપણી પ્રાચીન ગરબાની જાળવણી વિશે પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. જેમાં રાજકોટની ૧૧ પ્રાચીન ગરબી મંડળીઓ એક મંચ ઉપર લાવી આપણી પ્રાચીન ગરબાની પરંપરા જાળવી રાખવા આયોજક સોનલબેન વાછાણી ,તેમજ રાજેશભાઈ ભાતેલિયા સહિત સેવાસાથી ગ્રુપના તમામ હોદ્દેદારો, સભ્યો, કાર્યકરો અને સમગ્ર ટીમનેને અભિનંદન પાઠવ્યા હતા. સેવા સારથી ગ્રુપના પ્રમુખશ્રી સોનલબેન વાછાણીએ સંસ્થાની પ્રવૃત્તિ વિશે જાણકારી આપી મહાનુભાવોને પુષ્પગુચ્છથી



મેયરશ્રી નયનાબેન પેઠલીયા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ સહિતના અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિ

આવકાર્યા હતા. રાજકોટની કોટેચા ચોક ગરબી મંડળ, નવયુવક ગરબી મંડળ રેલ્વે, આઈ શ્રી ખોડીયાર મંડળ, શ્રી બજરંગ ગરબી મંડળ, હનુમાન મઢી સ્થિતમધુરમ સંગીત ગરબીમંડળ, નવદુર્ગાગરબી મંડળ (રેલનગર, રેયા રોડ, સંત કબીર રોડ, મવડી, સંતોષી નગર), માં ચામુંડા મવડી ગરબી મંડળની બાળાઓ રાસ ગરબા રજૂ કર્યા હતા. આ કાર્યક્રમ માટે સોનલબેન વાછાણી, રાજેશભાઈ જે ભાતેલિયા, એડવોકેટ હિંમતભાઈ લાબડીયા, રમેશભાઈ વ્યાસ, દક્ષાબેન વ્યાસ, શિલ્પાબેન મકવાણા, જેન્તીભાઈ પટેલ, સતીશભાઈ જોશી, નિકુંજ જગતિયા, નરેન્દ્રભાઈજોબનપુત્રા, પિયુષ ભટ્ટી, શોભનાબેન બાટવિયા, પ્રજ્ઞાબેન પીઠડીયા, પ્રીતિ ભાયાણી, કુંદન સોલંકી, જયશ્રી ઠક્કર, વગેરેએ જહેમતલીધી હતી. આ તકે વિવેકાનંદ યુથ ક્લબના અનુપમભાઈ દોશી, દિલીપ ભાઈ સખીયા, કાશ્મીરા બેન નથવાણી, ઈલાબેન પઢિયા, હેમુભાઈ પરમાર, કુંદનબેન કાકડિયા, સહિતના અનેક અગ્રણીઓ ઉપસ્થિતરહ્યા હતા.

